

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*રસી ડોઝનો થાય છે વરસાદ ધોધમાર!*
*પ્રગતિના આંકડા પણ વરસે છે ધોધમાર!*
*ધોધમાર વરસે છે આગાહી સરકારી ઢબે -*
*ઈન્દ્ર પણ નર-ઈન્દ્ર કરે નકલ ધોધમાર!*
*(ગાજવીજ સાથે પાયાવિધિ કરી અદૃશ્ય!!)*

### હાઈકુ

*ભરાય નહીં!*
*કદી - મોંઘવારીના*
*ભથ્થામાં છીડું*

*લઈ લે છૂપું*
*એક હાથે આપીને*
*બનાવે બાળ*

*(ડિઝલ-પેટ્રોલના ભાવ વધારી વધારે મોંઘવારી)*

### ચિંતન

**સ વા એષ પુરુષોઽન્નરસમયઃ ।**

ઉપરોક્ત શ્લોક તૈતરિયોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

સર્વપ્રસિદ્ધ પરમાત્મામાંથી સૌપ્રથમ આકાશાદિ પંચમહાભૂતોની ઉત્પત્તિ થઈ. પૃથ્વીમાંથી સમસ્ત ઔષધિઓ પેદા થઈ, ઔષધિઓમાંથી અન્ન અને અન્નમાંથી 'પુરુષ' એટલે કે મનુષ્ય શરીરની ઉત્પત્તિ થઈ. એ આ 'પુરુષ' ચોક્કસપણે અન્નરસ મય છે. અર્થ એ છે કે વીર્યરુપે પરણિત થયેલા 'અન્ન'થી હાથ, પગ, ધડ,માથું ઈત્યાદિ આકૃતિ ધરાવતો 'પુરુષ' પેદા થયો. એ પુરુષ અન્ન અને રસનો વિકાર છે.

બ્રહ્માના વંશમાં ઉત્પન્ન થનાર તમામ તૃષ્ટિ શરીરો અન્નરસના વિકારરુપે પેદા થયેલા હોવા છતાં, અહીં કેવળ 'પુરુષ'નો જ ઉલ્લેખ છે, કેમ કે તે કર્મ અને જ્ઞાનનો અધિકારી હોવાથી તેને પ્રધાન ગણવામાં આવે છે. વળી આના સમર્થનમાં એટલે કે 'પુરુષ જ પ્રધાન છે' એ હકીકતના સમર્થનમાં અનેક શ્રુતિઓ ઉત્પલબ્ધ છે.

અહીં એ ઉદ્દેસ છે કે એ પુરુષને વિદ્યા થકી અંતરતમ બ્રહ્મ સમીપ લઈ જવો, પરંતુ પુરુષની બુદ્ધિ સામાન્યતઃ અનાત્મ પદાર્થોને આત્મરુપે જોવાવાળી છે. તેથી તેને એકાએક તેમાંથી પાછા વાળીને પરમાત્મા માહેં સ્થિર કરીને તેની સાથે જોડવાનું કામ અતિ દુષ્કર છે.

### સુવિચાર

- રાત કી મુઠ્ઠી મેં એક સુબહ ભી હૈ, શર્ત યહ હૈ કિ
  પહલે જી ભરકે અંધેરા તો દેખ લો - **ગુલઝાર**
- જયાં ઋણ સ્મરણ, ત્યાં દોષદર્શન નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- વાચન થકી માનવ પૂર્ણ, સભા થકી તત્પર અને લેખન થકી બંને ચોક્કસ - **ફ્રાન્સિસ બેકન**
- ધર્મી તે જે સુખાદિમાં અલીન વગેરે હોય - **જીવન પાથેય**
- સાચા સંબંધ એક સારા પુસ્તક જેવો હોય છે,
  કેટલું પણ જૂનું થઈ જાય કયારેક શબ્દ નથી બદલાતા - **બોધિવૃક્ષ**
- માણસની કરણી બદલાવી શકાય છે,
  પણ તેનાં મન અને હૃદય બદલવાં એટલા સહેલા નથી - **લિંકન**
- આજનું ઔષધ : મરડો અને પેટમાં ચૂંકમાં મેથીની ભાજીનો રસ દહીંમાં કાલવીને પીવાથી રાહત થાય છે
  **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કાશ્મીરના વિદ્વાન કેશવ ભટ્ટને તેમની વિદ્યાનું અભિમાન હતું એકવાર તેઓ જ્ઞાનનું પ્રદર્શન કરવા કલકત્તા ગયા. કલકત્તાના ઘણા બધા પંડિતો તેમના અનુયાયીઓ હતા. એક સમારંભમાં એક દસ વર્ષના બાળકને તેઓ મળ્યા. પેલા બાળકે વિદ્વાન કેશન ભટ્ટને કહ્યું, આપ સમર્થ વિદ્વાન છો, હું હજી શીખી રહ્યો છું આપ કંઈક સંભળાવો. ભટ્ટ બોલ્યા, 'હું હજી નાનો છું તું મારી વાત શું સમજશે ?' પેલા બાળકે કહ્યું, 'મને ગંગાજીની સ્તુતિ સંભળાવો મને આનંદ થશે.' પંડિતજીએ ફુલાઈને પોતાના રચેલા સંસ્કૃત શ્લોકો સંભળાવ્યા. ત્યારે પેલા બાળકે કહ્યું, 'હવે આ શ્લોકોના ગુણદોષ સંભળાવો.' ભટ્ટે કહ્યું, 'મારા રચેલા શ્લોકમાં દોષ હોતા જ નથી.' બાળકે કહ્યું, 'મને આજ્ઞા આપો તો હું બતાવી આપું.' પછી પેલા બાળકે કાવ્ય દૃષ્ટિએ તેમને ઘણા દોષો બતાયા. કેશવભટ્ટ તો દંગ થઈગયા. બીજા દિવસે તેઓ એમના અનુયાયીને લઈને બાળકને ઘરે પહોંચી ગયા. અને કહ્યું, 'આપ ખરેખર વિદ્યાનિધિ છો.' ત્યારે એ દસ વર્ષના બાળકો કહ્યું, 'પંડિતજી, બે બાબતને ધ્યાનમાં રાખજો. પહેલી વાત કે ભગવાનની ભક્તિ કરવાથી જન્મ સફળ થશે અને બધા ગુણો આપોઆપ પ્રગટ થશે. બીજી વાત એ છે કે કોઈની જોડે શાસ્ત્રાર્થ ન કરશો કારણ કે એથી અહંકાર અને પક્ષપાત વધે છે.' એ દિવસથી કેશવ ભટ્ટનું અભિમાન ટળ્યું અને તેમણે ઈશ્વરભક્તિ કરવા જીવન સમર્પિત કર્યું. આ દસ વર્ષના બાળક ગૌરાંગ પ્રભુ એ કેશવભટ્ટના જીવનમાં અમૂલ પરિવર્તન આણ્યું.

# વડનગરથી વારાણસી વિકાસની ટ્રેઈન

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તર વર્ષની તરુણ વયે ગામ અને ઘરસંસાર છોડી દઈ અલગારી જિંદગીનો રાહ અપનાવ્યો હતો. નાગરોના કુળદેવતા હાટકેશ્વરનું ભવ્ય મંદિર ધરાવતા વડનગરનો ઈતિહાસ તો બહુ જ રંગબેરંગી છે. અહીં સોલંગી યુગના કીર્તિકલશ સમું તોરણ છે, શર્મિષ્ઠા તળાવ છે, અનેક નાનાં-મોટાં મંદિરો છે જે પૈકી એકનું નામ સોમનાથ મંદિર પણ છે જ. વળી તાનારારી જેવી સંગીતકાર બેલડીની સમાધિ પણ છે. હજારો વર્ષો પૂર્વે વડનગરમાં બૌદ્ધ સંસ્કૃતિ વિકસેલી હતી જે આજે મોદી શાસન દરમિયાન આરંભાયેલા ઉત્ખન્નમાં પ્રત્યક્ષ થઈ રહી છે - ચીની યાત્રિક હ્યુ એન સાંગ ભારતભ્રમણમાં નીકળ્યો ત્યારે વડનગરની મુલાકાતે આવ્યો હતો અને રોકાયો હતો એની નોંધ મળે છે. કાલાન્તરે એ વડનગર ગાયકવાડી રાજનું એક ધૂળિયું ગામ બનીને રહી ગયું હતું, જેને તાલુકાનું સ્ટેટ્સ પણ પ્રાપ્ત નહોતું. મોદીના ઉદય સાથે વડનગર પણ આળસ મરડીને બેઠું થઈ ગયું. ૧૬ જુલાઈ, ૨૦૨૧નો દિવસ વડનગર માટે યાદગાર બની રહેશે. વડનગરના જ પનોતા પુત્રએ દેશની રાજધાની દિલ્હીમાં બેઠાં બેઠાં એના ભવ્ય રેલવે સ્ટેશનનું ઉદ્‌ઘાટન કર્યું. ગાંધીનગરથી વરેઠા (તારંગા સ્ટેશન)ના રેલ માર્ગને મોદી શાસન દરમિયાન બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. હવે ત્યાં મેમુ ટ્રેન દોડશે. એ જ રીતે વડનગરને વારાણસી સાથે સાંકળતી સુપરફાસ્ટ ટ્રેન પણ શરુ થઈ છે. વિકાસની આ હરણફાળ ફક્ત અને ફક્ત મોદીના કારણે જ શક્ય બની છે. ગાંધીનગરનું કેપિટલ રેલવે સ્ટેશન વર્ષો સુધી સ્મશાનવત્ બની રહ્યું હતું. હવે ત્યાં અદ્યતન રેલવે સ્ટેશન ઉપરાંત ફાઈવ સ્ટાર હોટલ બની ચૂકી છે. રડ્યાં ખડ્યાં પેસેન્જરો ઈંદોર જતી શાંતિ એક્સપ્રેસ કે હરદ્વાર મેલ અને ગરીબરથને મળતાં હતાં. નવી સુપરફાસ્ટ ટ્રેન મળતાં લોકો કાશીની યાત્રા માટે ગાંધીનગરથી ટ્રેન પકડશે. વળી મહાત્મા મંદિરમાં યોજાતી ભવ્યાતિભવ્ય ભાતીગળ ઈવેન્ટસ માટે બહારથી આવનારા મહેમાનોને નજીકમાં જ પંચતારક હોટેલમાં રોકાવાનો લાભ મળશે. મોદી પાસે વિકાસનું વિઝન છે એનો તો એમના કટ્ટર વિરોધીઓ પણ ઈનકાર નહીં કરી શકે. સૂકી ભંઠ સાબરમતીને જળસબર કરીને રિવર ફ્રંટ પ્રોજેક્ટ મૂકી મોદીએ અમદાવાદને ઈન્ટરનેશનલ લૂક આપ્યો છે. ખખડધજ બસ સ્ટેશનોને 'બસપોર્ટ' માં રૂપાંતરિત કરી પેસેન્જરોને એરપોરટ્ જેવો અહેસાસ કરાવ્યો છે. આ બધી યોજનાઓમાં પબ્લિક - પ્રાઈવેટ સહયોગ મળતાં આર્થિક દૃષ્ટિએ પણ એ ઉપક્રમો લાભદાયી નીવડ્યા છે. રેલવે પાસેની જમીનોનો સદુપયોગ કરવાનો વિચાર જ કેવો ઉમદા છે! વિદેશોમાં જે જાહોજલાલી છે એવી ભારતમાં પણ થઈ શકે, કાશીને ક્યોટો જેવી ધર્મનગરી ઉપરાંત સ્વચ્છ શહેર બનાવી શકાય અને સાયન્સ સિટીમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું મ્યુઝિયમ ખડું કરી શકાય એનો વિચાર આવવો જ એ જ મોટી વાત છે. મૂળે મોદી વિચારપુરુષ છે - 'વિકાસપુરુષ' કરતાં એમને 'વિચારપુરુષ' જેવું બિરુદ વહેલું મળવું જોઈતું હતું. હિંદુત્વનો ઘસાઈ ગયેલો સિક્કો અનંત કાળ સુધી ચલણી બની રહે એ મોદીનું કૌવત છે. કીમિયાગર મોદીએ વડનગરથી વેગળા જઈને પણ વતનને વેગળું કર્યું નથી, એની પ્રતીતિ વડનગર - વારાણસીના જોડાણની નવતર યોજનાથી થાય છે. ઉપેક્ષિત ઉત્તર ગુજારતનો એક અદનો આદમી દેશનું નેતૃત્વ કરે છે અને દુનિયાને આંજી નાખે છે તે કોઈ નાનીસૂની બાબત નથી. આપણને એનું ગૌરવ જ હોવું ગટે. દેશી ગુજરાતમાં કહેવત છે : ભૂવો ધૂણે તોય નારિયેળ તો ઘર તરફ જ ફેંકે. મોદીએ દેશનું સુકાન સંભાળીને પ્રદેશનું બરાબર ધ્યાન રાખ્યું છે, એની ઈતિહાસ પણ નોંધ લેશે. વડનગરના સ્ટેશન પર 'ચાય-ચાય-ચાય'ની બૂમ પાડી ટ્રેનના ડબ્બે ડબ્બે ફરતો છોકરો આખરે વડનગરને ભવ્ય સ્ટેશનની ભેટ આપીને વતનપરસ્તીનો બેનમૂન દાખલો બેસાડે છે, એ કોઈ લેખકની કલ્પના નથી, એ નરેન્દ્ર મોદી નામની જીવંત ઘટના છે.

# કલા માટે કદરને પ્રોત્સાહન જરૂરી હોય છે!



**આરપાર**

રાઘવજી માધડ

એક કલાકારની ભાવાંજલિરૂપે અદ્વિતીય એક્ટર, ટ્રેજડી કિંગ દિલીપકુમારના અવસાન પછી સોશ્યલ મીડિયા પર તેમની ઠીક ઠીક પ્રમાણમાં નોંધ લેવાઈ રહી છે. તેમાં ઘણી જાણી - અજાણી બાબતો સાથેના પ્રસંગો પ્રકાશમાં આવે છે. નાજુક પ્રસંગો વાંચી કલાકાર પ્રત્યેના આદરમાં અનેકગણો ઉમેરો થાય છે. પણ આ બધું કલાકારના ગયા પછી થાય છે. જે ખરેખર તેઓની હયાતીમાં થવું જોઈએ. જેથી કલાકારને તેમનું કર્યું, કારવ્યું સાર્થક લાગે. પણ આવું લખવા માટે આપણે કલાકારના મૃત્યુ થવા સુધી રાહ જોઈએ છીએ ! કલાકાર વયોવૃદ્ધ થાય કે અવસાન પામે ત્યાં સુધી, આ રાહ જોવાનું ગણિત વિચિત્ર લાગે છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર આવા બુઝર્ગ, વયોવૃદ્ધ સાહિત્યકારોને શોધી, પ્રમાણી એક ઉત્તમ સાહિત્યસેવા કરી રહી છે. અકાદમીના આ કરવા જોગકાર્યની ઉચિત નોંધ લેવી આવશ્યક લાગે છે. દયાનંદ સરસ્વતીના જન્મ સ્થળ ટંકારા નિવાસી શ્રી દયાળજી પરમાર(આર્ય સમાજ દીક્ષિત મુનિ દયાળ)ને ૮૫ વર્ષની જૈફ વયે, તેમના નિવાસ સ્થાને જઈ ગુજરાતના મહામહિમશ્રીના હસ્તે ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. સંસ્કૃતના ચાર વેદનું ભાષાંતર આઠ ગ્રંથોમાં કર્યું. ઉપરાંત દયાનંદ સરસ્વતીની જીવનકથા, ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર તરફથી માનદ ડોક્ટરેટ ઓફ લિટરેચરની પદવી ઉપરાંત ઘણાં સમાજસેવાના કર્યો આ દરજીના વ્યવસાયી વિદ્વાનના ખાતામાં સારીપેઠે જમા થયેલા છે.

આ અગાઉ સુરત નિવાસી ગુજરાતી સાહિત્યકારશ્રી ભગવતીકુમાર શર્માને, માંદગીના બિછાને સુરત ની હોસ્પિટલમાં જઈ ગૌરવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ લોકપ્રિય એવા સતત વંચાતા સાહિત્યકારશ્રી મહમંદ માંકડને પણ અવસ્થાને ધ્યાને લઈ તેઓના નિવાસસ્થાને આ ગૌરવ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. દેર હે મગર અંધેર નહીં હૈ... આવું સમજી આ ગૌરવવંતી ઘટનાઓને દિલથી વધા વવી રહી. જેમાં ગુજરાતી ભાષા-સાહિત્ય અને ગુજરાતીપણાની ગરિમા ને ગૌરવ રહેલું, સમાયેલું છે. પણ સવાલ હતો, આવું ગૌરવ બક્ષવા માટે કલાકાર, સાહિત્યકારની વયોવૃદ્ધતાની રાહ આપણે ક્યાં સુધી જોયા કરીશું ? કોઈ કલાકાર જીવનના અંતિમ દિવસોની યાતનામય યાત્રામાંથી પસાર થઈ રહ્યો હોય ત્યારે આવા પુરસ્કારનું તેમને મન કેટલું મહત્વ હશે... એ સમજવા માટે તો વૃદ્ધ થવું અથવા પરકાયા પ્રવેશ કરવો પડે. કોઈ કલાકાર કે સાહિત્યકાર કલાના ક્ષેત્રમાં પગરવ કરે ત્યારે જ હીરો પરખાઈ જતો હોય છે. બાકી અમુકને તો સીતેર-એંસી દાયકાના દમદાર વરસો વિતાવ્યા પછી પણ 'નવોદિતલ્લનું લેબલ લાગેલું જ રહે છે. સમગ્ર પ્રદાનને ધ્યાને લઈ પુરસ્કૃત કરવામાં આવતા હોય ત્યારે બે-પાંચ સર્જનાત્મક કૃતિઓથી પણ અંદાઝ આવી જતો હોય છે. હા, સમગ્ર પ્રદાનનો અર્થ એ પણ નથી - અશક્ત થાય ત્યાં સુધીની ધીરજ ધરવી..! પણ આ વખતે શ્રી મધુ રાય (મધુસૂદન વલ્લભદાસ ઠાકર)ને ગૌરવ એવોર્ડ આપવાની જાહેરાતથી આ ધીરજ ધરવાનું આપોઆપ ઉડી જાય છે. મધુભાઈ તો સમારોહમાં ઉપસ્થિત રહી શકે એવા સશક્ત છે. રાધેશ્યામ શર્મા તેઓની સાક્ષરનો સાક્ષાત્કાર કોલમમાં લખે છે : વતન દ્વારકા છોડીને, ઠાકર મધુ કલકત્તા પહોંચ્યા હશે ત્યારે કદાચ સત્યજિતની 'રાયલ્લ અટકનો ડંકો આખી આલમમાં બજતો હોવો જોઈએ. કળાજગતમાં બંગાળનો સત્યજિત રાય એક છે તો ગુજરાતની નવનવલી નવલિકાની વૃંદાવનગલીમાં ગદ્ય સ્વામી ગણાતા મધુરાય એક જ છે. આ ઈ.સ.૧૯૯૯ એટલે કે બાવીસ વરસ પહેલાનું મંતવ્ય છે !

-કયારેક વ્યક્તિ થકી એવોર્ડ ઉજળો લાગે,ઓળખ પામે ને કયારેક એવોર્ડ દ્વારા વ્યક્તિ ઓળખાય ...પણ અહીંતો બેઉનું ઉચિત ગૌરવ જળવાયું છે. શ્રી મધુરાયનું ગુજરાતી સાહિત્યમાં વિશેષ પ્રદાન રહ્યું છે. મોટાભાગે એવોર્ડ એ જે તે કલાસ્વરૂપના કદર અને પ્રોત્સાહન માટે હોય છે. અકાદમી યુવાગૌરવ એવોર્ડ પણ આપે છે. આ વર્ષે સુજ્ઞશ્રી રીકુ રાઠોડ 'શર્વરીલ્લને આપવાની જાહેરાત થઈ છે ત્યારે છેવાડાનાં સ્ત્રીઅવાજને પ્રોત્સાહિત કરવાનો, પ્લેટફોર્મ પૂરું પાડવાનો પ્રયાસ આવકારદાયક છે.હા,ગૌરવપ્રાપ્ત યુવા સર્જકો પાસેથી સાહિત્યમાં કશુંક એવું નવું નીપજાવવાની,સર્જન કરવાની અપેક્ષા રહેતે સ્વાભાવિક હોય છે.

ગુજરાતી સાહિત્યમાં જેતે સંસ્થાઓ દ્વારા અપાતા એવોર્ડ, પુરસ્કારનો વાટકી વ્યવહાર કોઈથી અજાણ નથી.ત્યારે અહીં અકાદમી દ્વારા ઉચિત સર્જકોને યથા સમયે ગૌરવ આપવાનો આ ઉપક્રમ સરાહનીય અને અભિનંદન આપવા પાત્ર છે !

**છેલ્લે :**

**જ્યાં સુધી છેવાડા લોકો સ્પર્ધામાં ન ઉતરે ત્યાં સુધી જ આગળના લોકો આગળ રહેતા હોય છે !**

# આવો, સૌ સાથે મળીને દેશ માટે વિચારીએ, દેશ માટે જીવીએ



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

કોરોના મહામારીના કાળમાં દેશમાં ચારેતરફ મોંઘવારીની બૂમરેંગ પડી રહી છે, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ઉત્પાદકો પોતપોતાની વસ્તુઓના ભાવ વધારીને બજારમાં વેંચી રહ્યા છે. પેટ્રોલ ડિઝલના ભાવ આસમાને પહોંચી રહ્યાની પીડા દેશભરની જનતા અનુભવી રહી છે. લાખો કરોડો લોકો બેરોજગાર બની રહ્યા છે. નાના-નાના ઉદ્યોગધંધાઓ તૂટી રહ્યા છે. નાની મોટી નોકરીઓ છૂટી રહી છે, ઓછી થઈ રહી છે. એકતરફ આ બધી ચિંતાઓ અને બીજીતરફ કોરોનાનું મહામૃત્યુ તાંડવ. હજીયે ત્રીજી – ચોથી લહેરનો છૂપો ડર, કદાચ સદીના સૌથી વધુ કપરા સમયમાંથી દેશ પસાર થઈ રહ્યો છે. અનેક પરિવારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે, અનેક પરિવારો બેરોજગાર થઈ ગયા છે, ઘર ચલાવનાર મુખ્ય માણસના મૃત્યુથી અનેક પરિવારો ભૂખથી બેહાલ થઈ રહ્યા છે.

આવી અનેક પ્રકારની સાચી પરિસ્થિતિ, એની વાતો, તો વળી ખોટી અફવાઓ, ભ્રામક પ્રચાર, પૂર્વયોજિત યોજનાઓથી સોશિયલ મીડિયા ઉપર વાતો વહેતી મૂકવામાં આવી રહી છે. આવા ભ્રામક પ્રચાર અને દેશની જનતાને ગેરમાર્ગે દોરવા, ચિંતાગ્રસ્ત બનાવવા માટે, ઉશ્કેરવા માટે અનેક પ્રકારની વિદેશી એજન્સીઓ કામ કરી રહી છે. અને આ બધાનો દોષ સરકારને આપી રહી છે. જેને કારણે આ સરકારને હટાવી શકાય, લોકોને સરકાર વિરુદ્ધ ભડકાવી શકાય.

મિત્રો, હા, એ સત્ય છે કે પુરા દેશમાં આજે કરોડો લોકોની રોજગારી છિનવાઈ ગઈ છે, લાખો કરોડો લોકોની આવક બંધ થઈ ગઈ છે છતાંય દેશ તો ચાલી રહ્યો છે. આપણે ક્યારેય વિચાર્યું કે અગાઉની સરકારોમાં દેશભરમાં બે ત્રણ દિવસ પણ જો દેશમાં સ્ટ્રાઈક થતી કે દેશ બંધ રહેતો તો કરોડોના નૂકસાનના આંકડાઓ સામે આવતા. અને દેશની ઈકોનોમી પર અસર પડતી જ્યારે આજે તો છેલ્લા દોઢેક વર્ષથી દેશ બંધ જેવી હાલતમાં જ છે. છતાંય ચાલી રહ્યો છે. મહિનાઓ સુધી રેલવે બંધ રહી, રેલવેની બધી જ આવક બંધ હતી છતાંય રેલવે કર્મચારીઓને પુરેપુરો પગાર મળતો રહ્યો છે. ટી.એ.ડી.એ અને અન્ય ભથ્થાઓ પણ મળતા રહ્યા છે. કરોડો પેન્શનધારીઓને નિયમિત પુરું પેન્શન મળતું રહ્યું છે. મહિનાઓ સુધી સરકારી બસો બંધ રહી છે. વાહનવ્યવહાર બંધ રહ્યો છે છતાંય ડ્રાઈવર-કંડકટરોને, અન્ય કર્મચારીઓને પુરો પગાર મળતો રહ્યો છે. સરકારી સ્કૂલો, કૉલેજો, યુનિવર્સિટીઓ લાંબા સમય સુધી બંધ રહ્યા છે છતાંય સરકારે સૌ શિક્ષકોને, અધ્યાપકોને કરોડો રૂપિયાના પગારો પુરેપુરા ચૂકવ્યા છે. ગરીબોને રાહત આપી છે, ખેડુતોની માસિક આર્થિક સહાય ચાલું રહી છે. આટલા સમયની આ બધી રકમ ગણીએ તો અન્ય કોઈ દેશને પાંચ દસ વર્ષ સુધી ચલાવી શકાય એટલી મોટી રકમ થાય. સરકારની મુખ્ય આવક ટેક્સની છે જે આ ગાળામાં નહિવત આવક આવી છે. આમ સરકારની તમામ પ્રકારની આવક બંધ હોવા છતાંય આ બધી રકમનો ખર્ચ કર્યો છે. અને આપણે પેટ્રોલના ભાવની રાડારાડ કરીએ છીએ. સરકારે ધાર્યું હોત તો દરેક કર્મચારીઓના પગારમાંથી અડધો ભાગ કાપી શકી હોત, આર્થિક સહાયમાં થોડો કાપ મૂકી શકી હોત, કેમ કે દેશ સૌનો છે. જો સરકાર પગાર આપે છે તો દેશની વિકટ પરિસ્થિતિમાં સરકાર પગાર કાપી પણ શકે છે. પણ સરકારે એવું નથી કર્યું.

આટલું જ નહીં, દેશને કોરોના જેવી ખતરનાક મહામારીમાંથી પણ ઉગાર્યો છે. નહિતર ભારતની વસ્તી જોતા અહીંયા કરોડૉ લોકોના મૃત્યુ થવા જોઈએ. એવું બધા સર્વે કહે છે. પરંતુ આ બધુ પાંચ દસ લાખમાં અટકી ગયું. કરોડો લોકોને સરકારી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર મફતમાં, ટેસ્ટ મફતમાં, દવાઓ મફતમાં, ભોજન, અનાજ મફતમાં... વેક્સિન મફતમાં, આ બધામાં સરકારને કેટલો ખર્ચ થયો હશે ? સરકાર એ રૂપિયા ક્યાંથી લાવી હશે ? એની ચિંતા આપણે કદી કરી છે ખરી ?

મિત્રો, આપણે ક્યારેય દેશ માટે વિચારતા નથી, પક્ષાપક્ષી છોડીને થોડું વિચારીશું તો આપણને ખ્યાલ આવશે કે એકાદ દોઢ વર્ષ આપણા ઘરની આવક બંધ થઈ જાય તો આપણી શી હાલત થઈ જાય છે ? તો આ તો ૧૩૨ કરોડનું ફેમિલી, આવડા મોટા વિશાળ દેશને બિલકુલ આવક વિના કંઈ રીતે ચલાવ્યો હશે ? શું આપણી ફરજ નથી બનતી કે આપણે સૌએ સરકારને આર્થિક મદદ કરવી જોઈએ ? ૧૩૨ કરોડની જનતા જો માત્ર સો – સો રૂપિયા આપે તો પણ જે રોજગારી છિનવાઈ છે, જેઓ બેઘર બન્યા છે તેઓ બચી શક્યા હોત, પરંતુ આપણે તો આવા કપરા સમયમાં સરકારનો સાથ દેવાને બદલે એના દોષ કાઢીએ છીએ.

દેશ આવી મહામારીના સમયમાં પણ ચીન, પાકિસ્તાનના હૂમલાઓને પણ જવાબ આપતો રહ્યો છે. વિશ્વના મુખ્ય દેશો સાથે સંપર્કમાં રહી વિશ્વને આ મહામારીમાંથી મૂક્ત કરવા પ્રયત્નશીલ રહ્યો છે. અને આપણે આપણા વ્યક્તિગત સ્વાર્થને લઈને આવડી મોટી સરકારને દોષ દઈએ છીએ.

વિચારો કે જો ભારત પાકિસ્તાન વચ્ચે કે ભારત ચીન વચ્ચે યુદ્ધ થયું તો ? ત્રીજું વિશ્વયુદ્ધ જાહેર થઈ ગયું તો ? અગાઉ આવા યુદ્ધ વખતે દેશના તમામ પરિવારોની બહેનોએ પોતાના સોના ચાંદીના આભૂષણોનું દેશ માટે દાન કરી દીધાનું બન્યું છે. તો શું આજની બહેનોએ, આજની યુવા પેઢીએ આવા કપરા સમયમાં દેશ પ્રત્યે પોતાની કર્તવ્યનિષ્ઠા બતાવવાની જરૂર નથી ? જો એક પરિવારના સંતાનો બેજવાબદાર, લાપરવાહ નીકળે તો માતા પિતાએ કડક પગલા લેવા પડે છે. જ્યારે દેશની જનતા જ પોતાનું કર્તવ્ય ભૂલી જાય ત્યારે સરકારે કડક નિર્ણયો કરવા જ પડે છે. આજે પેટ્રોલ ડિઝલના ભાવ કદાચ પચાસ સો રૂપિયા વધ્યો છે તો ય આપણને તકલીફ પડી રહી છે. જ્યારે સરકારને તો કરોડો – અબજો રૂપિયાની ખોટ પડી રહી છે. અને છતાંય સૌને પગાર ચૂકવાય છે. એ શું સરકારની મોટી સફળતા નથી ? સરકાર પગાર આપે છે ત્યારે પેટ્રોલ ભરીને કારમાં ફરી શકીએ છીએ.

પેટ્રોલ ડિઝલનો ભાવવધારો કે થોડો ઘણો ટેક્સવધારો થાય કે તરત જ દેશમાં રહીને દેશ સાથે ગદ્દારી કરતા દેશદ્રોહીઓ, ટુકડે ટુકડે ગેન્ગ, ભ્રષ્ટ રાજનેતાઓ, દેશમાં અરાજકતા,અશાતિ ફેલાવવાવાળા લોકો, દેશને તોડવા મથતી અનેક એજન્સીઓને બળ મળી જાય છે. અને તેઓ લાગી જાય છે દૂષ્પ્રચારમાં. દેશની જનતાને ગેરમાર્ગે દોરવા, ઉશ્કેરવા. કેમ કે તેઓને આવા મોકા જ જોઈતા હોય છે. એ પછી કોરોના મહામારી હોય કે ખેડુત આંદોલન હોય કે મોંઘવારી કે બેરોજગારીના મુદ્દાઓ હોય કે ચૂંટણીઓ હોય, આ બધી દેશદ્રોહી ગેન્ગનો એક જ એજન્ડા છે, આ સરકારને હટાવો અને દેશને તોડો, દેશને ગુલામ બનાવો, અને આપણી કરૂણતા એ છે કે આપણે સૌ જાણ્યે અજાણ્યે આ બધી દેશવિરોધી તાકાતોને સાથ આપીએ છીએ. એમના ભ્રામક પ્રચારમાં આવી જઈને માનસિકતા બદલવાને બદલે સરકારને બદલવાની વાતો કરીએ છીએ. દેશ જ નહી હોય તો આપણે પણ નહી હોઈએ, આપણા સંતાનો પણ નહી હોય અને આપણો સમાજ પણ નહી હોય એ વાતને હંમેશાં યાદ રાખવાની જરૂર છે. અગર દેશ ''આપણો'' છે તો જ ''આપણે'' છીએ. સલામત છીએ.

મિત્રો, એક વાત તો સો ટકા સત્ય છે કે છેલ્લા સાતેક વર્ષમાં આખી દુનિયાએ ભારતની તાકાત જોઈ છે, દેશને બદલતો જોયો છે. મોટા મોટા નિર્ણયો થયા છે. સમાજમાં પરિવર્તનો આવ્યા છે. શું એનો શ્રેય આ સરકારને ફાળે નહીં જાય ? એક મત તો એક પરિવારમાં ય નથી હોતો, તો આ તો ૧૩૨ કરોડની વસ્તીનો પરિવાર છે. જાતજાતના અને ભાતભાતના લોકો અહીં વસે છે. મોટાભાગના લોકો પોતાના સ્વાર્થનું જ વિચારે છે. કેટલાક પોતાના પરિવારનું અને ઘણા પોતાના સમાજનું - બસ દેશ માટે કોઈ નથી વિચારતું,

દેશ અત્યારે સંકટની પરિસ્થિતિમાં છે. શું આપણે આવી સંકટની સ્થિતિમાં ય દેશની સાથે નહીં રહીએ ? દેશ માટે નહીં વિચારીએ ? આવો, સૌ સાથે મળીને દેશ માટે વિચારીએ, દેશ માટે જીવીએ અને દેશની પડખે રહીને દેશને, આપણા પરિવારને, આપણા સમાજને મજબૂત કરીએ, સુરક્ષિત કરીએ. વંદે માતરમ.

9426060601.india@gmail.com

# ઠન ઠન કી સુનો ઝંકાર...!



**રજળપાટ**

અજય ઉપાધ્યાય

રાકેશ રોશન ની ફિલ્મ 'કાલાબાઝાર ' માં એક મસ્ત સોંગ હતું. 'ઠન ઠન કી સુનો ઝંકાર કી દુનિયા હૈ કાલાબાઝાર કી પૈસા બોલતા હૈ.. કી પૈસા બોલતા હૈ' પૈસા પણ બોલે ? હે...? જી હા પૈસા જોરદાર બોલે... ઊછળી ઊછળી ને બોલે... બિન્દાસ બોલે. આપણામાં એક કહેવત છે કે ' પૈસો તો હાથ નો મેલ છે ' પણ હકીકત એ છે કે મને ને તમને બધાને મેલા હાથ ગમે છે...! બોલે તો પૈસા.. મની... નાણું અનહદ ગમે છે. કોલસાની દલાલીમાં હાથ કાળા ની જેમ પછી ભલે ને પૈસા નો મેલ હાથ ઉપર લગાડી રાખવામા જીવતર કાળું કરવું પડે તો શું થઈ ગયું પણ પૈસા તો જોઈએ જ...! કોઈ હશે એવો જગતમાં જેને પૈસો વહાલો નહીં હોય ??? સુજ્ઞ સુજ્ઞ લોકો ભલે ને એમ કહેતા હોય કે પૈસો સુખ ના લાવી શકે... શાંતિ ના લાવી શકે, પણ છતાયે પૈસા પાછળની આપણી દોટ યથાવત છે અને યથાવત રહેવાની છે. બીકોઝ ભલે પૈસો સુખ ના લાવે કે શાંતિ ના લાવે પણ પૈસો એક અલગ પ્રકારનો નશો અને જિંદગીને જુદી રીતે જોવાની ટેવ તો પાડી જ જાય છે.

'માલ હૈ તો તાલ હૈ, વરના સબ કંગાલ હૈ' ભલે કદાચ એવું બને કે બધા માલદાર જાજરમાન કે બધા માલ વગરના કંગાલ ના પણ હોય પણ હકીકત એ છે કે ડગલે ને પગલે મની ની માથાકૂટ તો રહેવાની જ અને એટલી જ રહેવાની પૈસા ની અહેમિયત...! જીવનની મૂળભૂત જરૂરિયાતો ખરીદવા અને એનો ઉપયોગ કરવા મની ઈઝ મસ્ટ છે જ. રોટી, કપડાં ઔર મકાન આ ત્રણ માટે પણ પૈસો એટલો અગત્યનો છે જ. ઈન્સાન જિંદગીભર આ ત્રણ માટે દોડાદોડી કરતો રહે છે. ખિસ્સા ખાલી પણ ભપકા ભારી ટાઈપના લોકો પણ સમાજમાં મળી જાય છે પણ મોટેભાગે પૈસાની જરૂરિયાત આ ત્રણ ઉપરાંત ફેમિલી અને સ્વાસ્થ્ય માટે વધુ પડવાની. ખિસ્સામાં પડેલા રૂપિયા પર હાથ ફેરવતા જ કે બેંકની પાસબુકના ઓપનિંગ બેલેન્સને જોતાં જ આપણા ચહેરા પર એક એલગ રાહતની લહેર ફરી વળવાની. પૈસા નું હોવું અને પૈસા નું ના હોવું એ બંને વચ્ચે ઈન્સાનની એક આખી પર્સનાલિટી ચેન્જ થઈ જાય છે. પૈસો માણસના વ્યક્તિત્વના ફેરફાર પર પણ બહુ અસર પાડે છે. પૈસાદાર કે ઓછા પૈસાદાર એવા ભેદભાવમાં પણ આ વ્યક્તિત્વનો ફેરફાર તો બરાબર જ રહે છે. પૈસા ની ચરબી કહીએ ને જેને આપણે કે પૈસાની ગરમી કહો એનું સીધું રીફ્લેક્ષન માણસના વ્યવહાર, વર્તન અને વાણી પર દેખાઈ આવતું હોય છે.

કહેવાય છે ને કે ઈન્સાન પૈસા તો કમાઈ શકે છે પણ અક્કલ નથી કમાઈ શકતો. એમાં ઈન્સાનનો વાંક ઓછો અને પૈસાની તડપ નો વાંક વધુ છે અને હકીકત એ છે કે પૈસા ને લીધે કોઈ સુખી થયું હોય એવું બનતું નથી. હા, પૈસો તમને સુખ નો આભાસ કરાવી શકે છે, પૈસો તમને જીવનને વધુ વ્યવસ્થિત ગોઠવવામાં મદદ ચોક્કસ કરી શકે છે પણ જો કોઈ એમ કહેતું હોય કે પૈસો છે તો સુખ છે તો એ વાતમાં કોઈ દમ નથી જ. અને એનું કારણ એક એ પણ છે કે માણસને વધુ ને વધુ પૈસા કમાવાની લાલચ. આ લાલચ આઈ મીન પૈસા પાછળ દોડવાની આંધળી દોટ જ તો અંતે દુખ તરફ ધકેલી દે છે. ઈનફેક્ટ આગળ લખેલી કહેવત ને જરા મોડીફાય કરી ને કહીયે તો એમ કહી શકાય કે પૈસો હાથ નો નહીં પણ મનનો મેલ છે. જી હા, પૈસા ની ધૂન એકવાર મગજમાં ચડી ગઈ એટ્લે પછી બીજી કોઈ ધૂન સંભળાતી નથી. પૈસાથી માણસ સુખી રહી શકતો હોય કે ના હોય પણ શું પૈસા વગર માણસ સુખી રહી શકે છે ? સવાલ જેટલો અઘરો છે એટલો જ એનો જવાબ પણ મુશ્કેલ છે અને એનું કારણ એ છે કે પૈસા આપણાં જીવનનો એક મહત્વનો હિસ્સો છે અને એટલા માટે પણ ખુશ કે સુખી રહેવા માટે પણ ધન ની જરૂરિયાત તો છે જ.

જ્ઞાની લોકો ભલે એમ કહે કે 'સબ મોહ માયા હૈ' પણ આ મોહ માયા વગર તો જીવન જ નિરર્થક છે, એના વગર તો મનુષ્યનો જીવવાનો આખો ઉધ્યમ જ બેકાર છે. એનાથી પણ વધુ પૈસા ઈન્સાનની સામાજીક છબીને ઉજાળે છે. પૈસાદારને સમાજ એક અલગ દ્રષ્ટિકોણથી જુવે છે, એનું સમાજમાં એક અલગ સ્થાન છે અને ઓફ કોર્સ એ સ્થાન જેની પાસે પૈસા નથી એનાથી તો ઊંચું જ છે. 'નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ' બસ આવો જ કઈક એપ્રોચ આપણો ધનવાન પ્રત્યે રહેલો છે. પૈસા સ્ટેટ્સ આપે છે પછી ભલે ને એ વ્યક્તિ માનવીય કે સામાજીક દ્રષ્ટિએ એને લાયક ના હોય. પૈસાથી એ બધી સુખ સગવડો ખરીદી શકાય છે જે જીવનને આસાન બનાવે છે. ઈવન પૈસાને 'મોહ માયા' કે 'હાથનો મેલ' કહેનારાઓ પણ મોકો માલ્ટા જ પૈસા બનાવવા લાગી પડતાં હોય છે. 'પૈસો બધુ તો નથી પણ ઘણું બધુ છે' આવું બોલવા પાછળ પણ આપણે અંદરખાને પૈસા મેળવવાની આપણી દોડ - લાલસા - લાલચ ને સંતાડી રાખતા હોય છીએ. પૈસો જો નથી તો એ જીવનને ટકાવવા માટે સૌથી સૌથી મોટી મુશ્કેલી છે અને જો એ વધુ છે તો પછી એનું ખાસ કોઈ મહત્વ નથી સિવાય કે પૈસાનો દેખાડો કરવા કે ઉડાવવામાં. ભલે એમ કહેવાતું હોય કે બધી ચીજ પૈસાથી નથી ખરીદી શકાતી પણ હકીકત એ છે કે જે ચીજ પૈસાથી નથી ખરીદી શકાતી એના પર પણ ક્યાક ને ક્યાક પૈસાનો પ્રભાવ તો પડે જ છે. પૈસાનું મહત્વ ત્યાં સુધી છે કે માણસની કાબેલિયત પણ પૈસાની સાથે તોલવામાં આવે છે.

જાણીતું ફિલ્મી ગીત છે ને કે 'યાર દિલદાર તુજે કૈસા ચાહીયે, પ્યાર ચાહીયે કી પૈસા ચાહીયે'. ફિલ્મી ગીતોમાં આ સારું લાગે પણ આજના જમાનમાં તો પૈસા છે તો પ્યાર છે, નહિતાર બાય બાય અને ટા ટા છે...! જી હા એ હકીકત છે કે પ્રેમ કે લાગણીને તમે પૈસાથી ખરીદી શકતા નથી. એવા ઘણા કિસ્સાઓ છે કે જ્યાં લખલૂટ પૈસા હોવા છતાં પ્રેમ કે લાગણીની કમી છે અને એવા પણ કિસ્સાઓ આપણે જોઈએ છીએ કે મુફલિસીમાં પણ પ્રેમ બરકરાર છે. મતલબ એ સત્ય છે કે પૈસાથી તમે બધુ જ ખરીદી શકો છો એવા વહેમમાં હોવ તો જાણી લો કે પૈસાથી સમય, પ્રેમ અને લાગણી ખરીદી શકાતી નથી. હા પૈસા જોતાં જ આ બધુ ઉછાળા મારે એવું બને. પૈસા જેટલા જીવવા માટે જરૂરી છે એટલું જ જરૂરી છે પૈસા ની બચત કરવાનું કે પૈસાને સંભાળીને વાપરવાનું. પૈસા કમાવાની સાથે સાથે જ સિક્કાની બીજી બાજુની જેમ પૈસાની બચત અને પૈસાને યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવાનું જરૂરી છે. કોઈ સમયે લખલૂટ પૈસા ધરાવનાર પણ જો પૈસાને ડહાપણથી વાપરે નહીં તો કંગાળ થઈ ગયાના દાખલા છે. એવી જ રીતે પૈસા ના હોવા કે વધુ હોવાના સંજોગોમાં પણ ઝગડા કે કલહ આજકાલના જમાનામાં સામાન્ય વાત છે. એટ્લે જ આગળ લખ્યું એમ પૈસાની ચરબી કે પૈસાનો નશો તમે તમારા દિમાગ પર કેટલો ચડવા ઘો છો એના પર જ તો આધાર છે કે એ પૈસો તમને સુખ આપે છે કે તકલીફો. ઘણા લોકો પૈસાને માત્ર જીવન જીવવાની એક તરકીબ તરીકે જોતાં હોય છે જ્યારે ઘણા એની પાછળ પાગલ હોય છે અને જરૂરથી વધુ ભેગું કરવાની દોડમાં જિંદગી કાઢી નાખતા હોય છે અને કોઈ પણ પ્રકારે બસ ધન ભેગું કર્યા જ કરતાં હોય છે . ડિપેન્ડ કે તમારા જીવનમાં પૈસાનું શું મહત્વ છે ? મૂળભૂત જરૂરિયાતો પૂરી થતાં પછી પણ જો એક ચોક્કસ રકમ બચી રહેતી હોય તો એની પાછળ દોડધામ કરવાની શું જરૂર છે ? પણ આમાં તો એવું છે ને કે જેની પાસે નથી અથવા તો ઓછા છે એને અને જેની પાસે જરૂર કરતાં વધુ છે એ બન્નેને પણ હજુ વધુ...હજુ વધુ પૈસા ની તમન્ના તો એકસરખી જ રહેવાની. ભલે ને કોઈ ગમે તે કહે પણ હકીકત એ છે કે ધન આપણને કદાચ સમય કે સુખ ના આપી શકે તો પણ પૈસો ખુશી, જીવન જીવવાનો સંતોષ, શારીરિક અને માનસિક શાંતિ અને એક પ્રકારની સલામતી તો ચોક્કસ આપે જ છે અને એટ્લે જ ' માલ હૈ તો તાલ હૈ ' સાચું છે, હા આ માલ બન્યા પછી માણસાઈ, લોભવૃતિ કે પૈસાનું અભિમાન દિમાગ - વર્તન - વ્યવહારમાં કેટલું ચડાવવું એ તો માણસે પોતે જ નક્કી કરવું પડે..!